## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




હાલમાં દિકરાના લગ્ન માટે અઢી લાખ લઈ જાવ... લગ્ન બાદ તમારો દિકરો છુટાછેડા લઈ લેશે તો તમારા એકાઉન્ટમાંથી કેટલા કપાશે તેની કોઈ માહિતી ડિપાર્ટમેન્ટ તરફથી અમને મળી નથી...!!!

# રૂપાલની વિદ્યાર્થીનીઓની કૃતિ રાષ્ટ્રીય સ્પર્ધા માટે પસંદ

## “આપત્તિને ઓળખી અને સુરક્ષિત રહો” તે શીર્ષક હેઠળ બનાવાયેલ આ પ્રોજેક્ટમાં વુમન અવેરનેસના અદ્ભુત પ્રયોગ સાથે જાણકારી આપવામાં આવી છે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર તાલુકાની રૂપાલ વરદાયિની હાઈસ્કૂલના પ્રાથમિક વિભાગમાં અભ્યાસ કરતી કુ. માહી પટેલ અને કુ. પ્રતિક્ષા બારોટે “આપત્તિઓને ઓળખો અને સુરક્ષિત રહો” તેવા રજુ કરેલા પ્રોજેક્ટને રાષ્ટ્રીય સ્પર્ધા માટે રાજ્ય કક્ષાએથી પસંદગી કરવામાં આવેલ છે. તાલુકા પ્રા. શિક્ષણઆધિકારી સંજયભાઈ પરમારે આ અંગેની વિગતો આપતાં જણાવ્યું હતુ કે ગોધરા નજીક યોજાયેલ ગણિત વિજ્ઞાન પ્રદર્શનમાં આ બે બાળાઓ શિક્ષિકા પ્રિતીબેન ઠાકરના માર્ગદર્શન હેઠળ પ્રોજેક્ટ તૈયાર કર્યો હતો. જે રાષ્ટ્રીય સ્પર્ધા માટે પસંદગી પામી તાલુકા અને જિલ્લાનું ગૌરવ વધારેલ છે.

વર્તમાન સમયમાં મહિલાઓ પર વધેલા અત્યાચારના બનાવોમાં “આપત્તિને ઓળખી અને સુરક્ષિત રહો” તે શીર્ષક હેઠળ બનાવાયેલ આ પ્રોજેક્ટમાં વુમન અવેરનેસના અદ્ભુત પ્રયોગ સાથે જાણકારી આપવામાં આવી છે.



ગાંધીનગર તાલુકાના રૂપાલની આ બે બાળાઓએ મેળવેલ સિદ્ધિને જિલ્લા પ્રા. શિક્ષણાધિકારી રાઠોડ, શિક્ષણ સમિતિના ચેરમેન ગીતાબેન પટેલ, શાળાના આચાર્ય તેમજ બાળાઓને વિશેષ અભિનંદન પાઠવી અને બાળકોમાં વિજ્ઞાન પ્રત્યેની વધુ જાગૃતિ આવે તેમજ બાળકો તેના અભ્યાસમાં વધુ રૂચિ દાખવી પ્રગતિના નવા સોપાન સર કરે તેવી શુભકામના પાઠવી છે.

# આજે બીએસએફનો ૫૧મો સ્થાપના દિવસ ઉજવાશે

## ગાંધીનગર એકમ ખાતે ચિત્ર સ્પર્ધા, રકતદાન શિબિર, રસ્સાખેંચ, તેજસ્વી તારલાનું સન્માન, બેસ્ટ ટર્ન આઉટ સહિત સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે

### બીએસએફએ એક પણ પૈસો ખર્ચ્યા વગર જીમ બનાવ્યું

ફ્રન્ટિયર ગુજરાતના બીએસએફ એકમે સરકાર પાસેથી એક પણ પૈસો લીધા વિના ‘જીમ’ બનાવ્યું છે. આ જીમ બીએસએફ કેમ્પસ ખાતે ઓપન જગ્યામાં ‘વેસ્ટમાંથી બેસ્ટ’ પધ્ધતિએ વિકસાવાયું છે. જેમાં નક્કામી ચીજવસ્તુઓનો ઉપયોગ કરી બીએસએફના કર્મીએ જાતે જીમ બનાવ્યું છે. આ જીમનો ઉપયોગ કેમ્પસની કોઈ પણ વ્યકિત વિના મૂલ્યે કરી શકે છે.

### બીએસએફના ૨.૬૦ લાખ જવાનોના કારણે સરહદ સુરક્ષિત

ભારતનું સીમા સુરક્ષા દળ ગુરુવારે તેનો ૫૧મો સ્થાપના દિવસ ઉજવવા જઈ રહ્યું છે. બીએસએફની સ્થાપના વર્ષ૧૯૬૫માં થઈ હતી જયારે ભારત પાકિસ્તાન વચ્ચે સરહદ પર તંગદિલી ફેલાઈ હતી અને યુધ્ધ થયું હતું. તત્કાલીન વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીએ સરહદની સુરક્ષા માટે એક ખાસ દળ રચવાનો નિર્ણય લીધો હતો. બીએસએફની રચના આઈપીએસ કે.એસ. રૂસ્તમજીએ કરી હતી અને હાલ સીમા સુરક્ષા દળમાં ભારતના ૨.૬૦ લાખ જવાં મર્દ જવાનો સરહદની રક્ષા કરી રહ્યાં છે. સ્થાપનાથી અત્યાર સુધીમાં બીએસએફના ૧૫૫૧ વીર જવાનોએ પોતાના પ્રાણની આહુતિ આપી શહીદી વ્હોરી છે. હાલ બીએસએફમાં ૮૭૦ મહિલા કોનસ્ટેબલ પણ સામેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે ભારત પાકિસ્તાનની સીમાનો ગુજરાતમાં ૨૫૨૬-૮૬ કિમી હિસ્સો છે જેની સુરક્ષા બીએસએફ કરી રહ્યું છે.

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર ખાતેના બીએસએફ હેડ કવાર્ટર ગુજરાત ફ્રન્ટિયર ખાતે તા. ૧લી ડિસેમ્બરે ૫૧મા બીએસએફ સ્થાપના દિવસનું ભવ્યાતિભવ્ય ઉજવણી કરવાનું આયોજન હાથ ધરાયું છે. આ પ્રસંગે આજે પત્રકારો સાથ વાત કરતા બીએસએફના આઈજી અજયકુમાર તોમરે જણાવ્યું હતું કે ‘સીમા સુરક્ષા દળ કોઈ પણ પ્રકારની પરિસ્થિતિનો સામનો કરવા તૈયાર છે.’ આ સાથે તેમણે બીએસએફની કામગીરી અંગે વિસ્તૃત જાણકારી પણ આપી હતી.

બીએસએફના ૫૧મા સ્થાપના દિવસની ઉજવણી કાર્યક્રમમાં ફ્રન્ટિયર ગુજરાત ખાતે ૫ થી ૮ વર્ષ અને ૯ થી ૧૨ વર્ષની ઉંમરના બાળકો માટે ચિત્ર સ્પર્ધા, બીએસએફના જવાનો માટે ખાસ ‘બેસ્ટ ટર્ન આઉટ’ સ્પર્ધા, સ્થાનિક રહીશ માટે રસ્સા ખેંચ સ્પર્ધા, રકતદાન શિબિર ધો-૧૦ તથા ધો-૧૨ના તેજસ્વી તારલાઓનું સન્માન, વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો ઉપરાંત મહાભોજન સમારંભનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત બીએસએફ ફ્રન્ટિયર ગુજરાતથી અમદાવાદના વિવેકાનંદ પુલ સુધીની સાયકલ યાત્રા પણ તાજેતરમાં આયોજિત કરવામાં આવી હતી.



### ગુજરાતમાં પણ સીમા દર્શનની વ્યવસ્થા કરાશે

પંજાબના અમૃતસર પાસેની વાઘા બોર્ડર ભારત-પાક સીમા દર્શન માટે જગ વિખ્યાત છે. આજે બીએસએફ ફ્રન્ટિયર ગુજરાતના મહાનિર્દેશક અજયકુમારે માહિતી આપતા જણાવ્યું હતું કે આગામી સમયમાં સરકાર અને બીએસએફ સાથે મળીને ગુજરાત ખાતે ‘સીમા દર્શન’ થઈ શકે તેવી વ્યવસ્થા ગોઠવવા આયોજન કરી રહી છે. જેના કારણે ગુજરાતની જનતાને તથા પ્રવાસીઓને સીમાદર્શનનો લ્હાવો પ્રાપ્ત થઈ શકશે.

## બાલવાનો રસ્સાખેંચમાં રાજ્યકક્ષાએ વિજય



ગાંધીનગર, તા.૩૦

ખેલ મહાકુંભ-૨૦૧૬ અંતર્ગત રાજ્યકક્ષાની રસ્સાખેચની સ્પર્ધા માંડલ (ભરુચ) યોજાઈ ગઈ જેમાં બાલવાની બહેનોની બન્ને ટીમોએ ભાગ લઈ રાજ્યકક્ષાએ સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો છે.

આ સ્પર્ધામાં અબવ-૪૦ કેટેગરીની ટીમમાં પટેલ રમિલાબેન, ચૌધરી પુરીબેન, ચૌધરી લીલાબેન, ચૌધરી કમુબેન, ચૌધરી લીલાબેન, ઠાકોર સજનબેન, ચૌધરી કાન્તાબેન, ચૌધરી સંગીતાબેન તથા ચૌધરી શારદાબેનનોસમાવે કરાયો તો. અબવ-૬૦ કેટેગરી માટે પસંદ કરાયેલ ટીમમાં ઠાકોર કકીબેન, ચૌધરી કાન્તાબેન, ચૌધરી રમીલાબેન, ઠાકોર કાન્તાબેન ઠાકોર લખીબેન, ઠાકોર અમરબેન, ઠાકોર ગગીબેન તથા ઠાકોર શાન્તાબેનનો સમાવેશ કરાયો હતો. બાલવાની બન્ને ટીમોએ રાજ્યકક્ષાએ દ્વિતિય નંબર પ્રાપ્ત કરી સિલ્વર મેડલ મેળવી ગાંધીનગર જિલ્લાનું તેમજ બાલવા ગામનું ગૌરવ વધાર્યુ છે. આ ખેલાડીઓને માર્ગદર્શન આપનાર શ્રી સ્વામિનારાયણ હાઈસ્કૂલ બાલવાના વ્યાયામ શિક્ષક શ્રી શૈલેષકુમાર કે. પટેલને શાળાના આચાર્યશ્રી મહેશકુમાર બારોટ તેમજ ટ્રસ્ટી મંડળે અને ગ્રામજનોએ અભિનંદન પાઠવ્યા હતા.

# પાટનગર યોજના ભવન પાસે ખંડેર ભાસતા શૌચાલયને તોડાયું



ગાંધીનગર તા ૩૦

શહેરમાં જુના શૌચાલયો દાયકાઓના અંતે પણ યથાવત છે. જુના શૌચાલયો ગંદકીનુ ઉદભવ સ્થાન બન્યા છે. વર્ષોના અંતે પાટનગર યોજના ભવન પાસે સ્થિત ખંડેર શૌચાલય આખરે તોડી પાડવામાં આવ્યુ છે. આ ઠેકાણે હવ નવુ શૌચાલય બનશે.

શહેરમાં તંત્ર દ્વારા નવા શૌચાલયો તાંણી બાંધવામાં આવ્યા છે. પરંતુ જાળવણીના અભાવે શૌચાલયોમાં ગંદકી ખદબદી રહી છે. સ્વચ્છતા અભિયાનની સુફિયાણી વાતો વચ્ચે શૌચાલયોની હાલતમાં કોઈ સુધાર આવતો નથી.

શહેરમાં દાયકાઓ જુના શૌચાલયો લાંબા સમયથી ખંડેર હાલતમાં છે. આમછતા કેટલાક ઠેકાણે ખંડેર શૌચાલયો યથાસ્થિતિમાં છે. અનેક રજુઆતોના અંતે પણ ગંદકીગ્રસ્ત શૌચાલયોનો નિકાલ થતો નથી. સેકટરોમાં કેટલાક ઠેકાણે સ્થિત ટોઈલેટ બ્લોકમાં ગંદકીની સાથે કેટલાક દુષણો પણ પાંગરી રહયા છે. જુના શૌચાલયો તોડી નાંખવા માટે જાગૃત નાગરિકો દ્વારા અનેકવાર તંત્રને રજુઆતો કરવામાં આવી છે. પરંતુ લાંબા સમયના અંતે પણ સેકટરોમાં ખંડેર શૌચાલયોનુ અસ્તિત્વ જોવા મળે છે.

પાટનગર યોજના ભવન પાસે પણ છેલ્લા ઘણાં સમયથી જાહેર શૌચાયલ બિન ઉપયોગી અને ખંડેર હાલતમાં જોવા મળતુ હતુ. જયારે બંધ શૌચાલયોમાં ગંદકીના ઢગ ખડકાયા હતા. બીજી તરફ ટોઈલેટ બ્લોકનુ બાંધકામ પણ નબળુ પડી ગયુ હતુ. પાટનગર યોજના ભવન પાસે સ્થિત શૌચાલયનો આખરે તંત્ર દ્વારા કડુસલો બોલાવી દેવાયો છે. હાલ આ શૌચાલય તોડવાનુ કામ ચાલુ છે. જયારે આગામી દિવસોમાં આ ઠેકાણે નવુ શોચાલય બનાવાનુ કામ પણ હાથ ધરાશે.

# નિષ્ક્રીય હોદ્દેદારોને હાંકી કઢાશે : કોંગ્રેસ

## જિલ્લાની કારોબારીમાં અપાયેલ ચિમકી : બુથ સંયોજકોની નિમણૂંક પ્રક્રિયા ટૂંકમાં કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૩૦

જિલ્લા સંગઠ્ઠનમાં નિષ્ક્રીય રેહનાર હોદ્દેદારોની હકાલપટ્ટી કરાશે તેવી ચીમકી આજે જિલ્લાની વિસ્તૃત કારોબારીમાં સંગઠ્ઠન દ્વારા આપવામાં આવી છે. આજે બપોરે કોંગ્રેસ કાર્યાલય ખાતે ઝોન ઈન્ચાર્જ લાખાભાઈ ભરવાડ, પ્રદેશ મહામંત્રી નીશીથ વ્યાસ અને પ્રદેશ પ્રવક્તા હિમાંશુ પટેલ તેમજ જિલ્લાના નિરીક્ષકોની હાજરીમાં મળેલ બેઠકમાં આ ચીમકી આપવામાં આવી છે. વિધાનસભાની આવી રહેલી ચૂંટણીને ધ્યાને રાખી ગ્રામ સંયોજક, બુથ સંયોજકોની નિમણુંક પ્રક્રિયા હાથ ધરવામાં આવશે તેવા પણ સ્પષ્ટ સંકેત સાથે બુથ-સમિતિઓની રચના તાકીદે પૂર્ણ કરાશે તેમ જણાવાયુ હતુ.

ગાંધીનગર જિલ્લા કોંગ્રેસની કારોબારી બેઠક જિલ્લા કોંગ્રેસ પ્રદેશ ઝોન પ્રભારી લાખાભાઈ ભરવાડ, જિલ્લા નિરીક્ષક બળવંતસિંહ રાજપૂતની વિશેષ ઉપસ્થિતિમાં યોજાઈ હતી. જેમાં જિલ્લા કોંગ્રેસના વરિષ્ઠ આગેવાનો ઉપરાંત ધારાસભ્યો અમીતભાઈ ચૌધરી, કામીનીબા રાઠોડ, પ્રદેશ મહામંત્રી નિશિત વ્યાસ, પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુભાઈ પટેલ, ધુળાજી ઠાકોર, અરવિંદસિંહ સોલંકી, ભરતભાઈ પટેલ, લાલભાઈ પટેલ, બાબુસિંહ ઝાલા, બાબુજી ઠાકોર, જગતસિંહ બિહોલા, પૃત્વીસિંહ રાઠોડ, ભૂપેન્દ્રસિંહ રાઠોડ, જયંતીભાઈ પટેલ વિગેરે આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા કારોબારી બેઠકમાં ઉપસ્થિત નિરીક્ષક બળવંતસિંહ રાજપૂતે આગામી વિધાનસભાની યોજાનાર ચૂંટણીમાં પાંચેય બેઠકો પ્રાપ્ત કરવા બુથ લેવલે માઈક્રો પ્લાનીંગ કરવા અનુરોધ કર્યો હતો. ઝોન પ્રભારી લાખાભાઈ ભરવાડે વર્તમાન નોટબંધી સંદર્ભે ટીકા કરતાં જણાવ્યું હતુ કે કોંગ્રેસની સરકાર હોત તો આમ પ્રજાને તકલીફ ન પડે તે રીતે કાળુ નાણું શોધી કાઢ્યું હોત પરંતુ આ તઘલખી સરકારના તઘલખી સુલતાનને કોણ કહે ?



ડિસેમ્બર માસના કાર્યક્રમોની માહિતી આપતા જિલ્લા પ્રમુખે વધુમાં જણાવ્યું છે કે ૯મી ડિસેમ્બરે કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીનો જન્મદિવસ, ૧૫મી ડિસેમ્બરે સરદાર સરદાર સાહેબને પૂણ્યતિથિ નિમિત્તે ભાવાંજલિ અને ૨૮મી ડિસેમ્બરે કોંગ્રેસ પક્ષના સ્થાપના દિન નિમિત્તે વિશેષ કાર્યક્રમો યોજવામાં આવશે. ઉપરાંત નોટબંધી અને કાનપુર ટ્રેન અકસ્માતમાં જીવ ગુમાવનારા નાગરિકોના માનમાં મૌન પાળી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. કોંગ્રેસ પક્ષ દ્વારા આગામી દિવસોમાં આંદોલનાત્મક કાર્યક્રમ યોજવા, નોટબંધીથી પીડાતી પ્રજાને સગવડ-સુવિધા આપવા, ગ્રામ પંચાયતની ચૂંટણીમાં કોંગ્રેસ વિચારધારા ધરાવતા ઉમેદવારને સમર્થન આપવા સહિતના અનેક ઠરાવો પસાર કરાયા હતા. સમગ્ર બેઠકનું સંચાલન યાકુબભાઈ મન્સુરી અને જયંતીભાઈ પટેલે કર્યુ હતુ. જ્યારે અંતમાં આભારવિધિ ખજાનચી નંદુભાઈ અમીને કરી હતી. વંદે માતરમ ગાનથી શરૂ થયેલ કારોબારી બેઠક રાષ્ટ્રગીત ગાન સાથે પૂર્ણ થઈ હતી. પ્રારંભમાં વિમળાબેન સોલંકી અને જગતસિંહે સૌનું સ્વાગત કર્યું હતું.

# શહેરનાં નવાં-જૂનાં સૅકટર્સમાં માર્ગોની સુધારણાનું કામ અટવાયું

ગાંધીનગર તા ૨૯

શહેરના નવા સેકટરોમાં પણ રસ્તા પર ગાબડા જોવા મળી રહયા છે. જયારે જુના સેકટરોના આંતરિક માર્ગો પણ ઉબડ ખાબડ બન્યા છે. અગાઉ આ મામલે કોર્પોરેશનને કરવામાં આવેલી દરખાસ્ત સંદર્ભે પણ કોઈ નિર્ણય લેવાતો નથી. શહેરના જુના સેકટરોમાં સરકારી વસાહત તેમજ શોપિંગ વિસ્તારમાં માર્ગો પરના ગાબડા નગરજનો માટે દુવિધારૂપ બન્યા છે. શહેરમાં રોડ નેટવર્કને અપગ્રેડ કરવા માટે વર્ષ દરમિયાન કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. પરંતુ આ ખર્ચના અંતે પણ આમ નાગરિકો માટે આંતરિક માર્ગો દુવિધારૂપ બન્યા છે. ઉબડ ખાબડ માર્ગો પર ગાબડા પડી ગયા છે. જેમાં નવા સેકટરોમાં સે-૩ થી ૫ના આંતરિક માર્ગોની દશા બેઠી છે. ઉબડ ખાબડ માર્ગોના લીધે આંતરિક રસ્તાઓ માર્ગ સલામતીની દ્રષ્ટીએ પણ જોખમી બન્યા છે. ત્યારે કોર્પોરેશન દ્વારા માત્ર સે-૧ અને ૨ માટે જ ખર્ચની રકમ ફાળવવામાં આવતા અન્ય સેકટરોમાં માર્ગ સુધારણાનો પ્રોજેકટ હજુ અપુર્ણ રહયો છે. નગરના જુના સેકટરોમાં પણ દાયકાઓથી સરકારી વસાહતમા રસ્તાનુ કામ હાથ ધરાયુ નથી. જયારે ત્રણ વર્ષ અગાઉ સે-૨૦ થી ૩૦ માં આંતરિક માર્ગોનુ સુધારણાની કામગીરી દરમિયાન અધુરા રહી ગયેલી કામગીરીનુ પણ હજુ ઠેકાણુ પડ્યુ નથી. આ મામલે પાટનગર યોજના દ્વારા વિભાગને માર્ગ સુધારણા માટે દરખાસ્ત કરવામાં આવી હતી. જયારે ત્યારબાદ કોર્પોરેશનને પણ માર્ગ સુધારણા માટે બજેટ ફાળવવા દરખાસ્ત કરવામાં આવી હતી. પરંતુ સેકટરાના આંતરિક માર્ગોની દશા સુધારવા માટે માર્ગ મકાન વિભાગ તેમજ કોર્પોરેશન કક્ષાએથી જરૂરી દરખાસ્તને મંજુરી આપવામાં ન આવતા આમ નાગરિકોની સમસ્યા વધી છે. શહેરના જુના સેકટરોમાં પણ અગાઉ બાકી રહી ગયેલા રસ્તાઓનુ કામ પુર્ણ કરવામાં આવ્યુ નથી. જયારે શોપિંગ વિસ્તારમાં માર્ગોની ઉબડ ખાબડ માર્ગાના લીધે માર્ગ સલામતી જોખમાઈ છે.

# સે. ૧ના તળાવમાં પાણી ભરાતું નથી

## તળાવનો સુકારો નિવારવા માટે સિંચાઈ વિભાગના તજજ્ઞોનો અભિપ્રાય લેવાશે

ગાંધીનગર તા ૩૦

સે-૧ ના તળાવને પિકનીક સ્પોટ સમાન બનાવાનુ સ્વપ્ર રોળાયુ છે. જયારે તળાવના તળિયામાં પાણી ટકતુ ન હોવાના મામલે અગાઉ મળેલી ઉચ્ચ કક્ષાની બેઠક દરમિયાન સિંચાઈ વિભાગના તજજ્ઞોનો અભિપ્રાય લેવા પણ વિચારણા હાથ ધરવામાં આવી છે. અગાઉ પાટનગર યોજના વિભાગ દ્વારા તળિયાને યોગ્ય કરવા માટે વિભાગને દરખાસ્ત પણ કરવામાં આવી હતી.

શહેરમાં સે-૧ માં તળાવ વિકાસની યોજના એક દાયકાના અંતે પણ સાકાર થઈ નથી. ચોમાસા દરમિયાન પણ તળાવમાં પાણી જોવા મળતુ નથી. તળાવ વિકાસની યોજનાને પિકનીક સ્પોટ સમાન બનાવવાનુ સ્વપન્ન હજુ પણ સાકાર થયુ નથી. જયારે દાયકાના અંતે પણ તળાવમાં પાણી ભરાતુ ન હોવાથી સહેલાણીઓ માટે આકર્ષણ ઉભુ કરી શકાયુ નથી.

ચોમાસા દરમિયાન પણ તળાવમાં પાણીનો ભરાવો રહેતો નથી. ત્યારે તળાવના તળિયાની તરસ ન છીપાતા તંત્ર માટે પણ શિરદર્દ ઉભો થયો છે. અગાઉ તંત્ર દ્વારા તળિયાનુ કામ હાથ ધરવા માટે માર્ગ મકાન વિભાગને દરખાસ્ત પણ કરવામાં આવી હતી. પરંતુ હજુ સુધી આ મામલે વિભાગ દ્વારા કોઈ નિર્ણય



લેવાયો નથી. જયારે તળાવ વિકાસની યોજનાને અનુલક્ષી લાખોના ખર્ચે નિર્માણ કરાયેલી ફુડકોર્ટની દુકાનો પણ બિનઉપયોગી હાલતમાં લાંબા સમયથી પડી છે. આ મામલે પણ અગાઉ ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવાની વિચારણાના અંતે નિર્ણય પડતો મુકાયો હતો. જયારે તળાવમાં પાણી ભરાયેલુ રહે અને રોનક નિખરે તે માટે અગાઉ ઉચ્ચ કક્ષાએ મળેલી બેઠક દરમિયાન સિંચાઈ વિભાગના તજજ્ઞોનો અભિપ્રાય લેવા પણ વિચારણા હાથ ધરવામાં આવી હતી. જો કે હજુ સુધી આ અન્વયે કોઈ નિર્ણય લેવાયો ન હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે.